જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૦/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૦૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૯ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૪૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૬,૬૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૦૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૧૦/૨૦૨૬**

નવરંગપુરાઃ કૃપાબહેન ડો/ઓ ગૌતમભાઈ જોશી (ઉ.વ.૨૮)(રહે.સરદાર પટેલનગર અનમોલ ટાવર પાસે શાસ્ત્રીનગર) એ તા.૦૬/૧૦/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે એપ્રિલ/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા લો ગાર્ડન નેશનલ હેન્ડલુમ પાસે, ટાઇમ્સ સ્કવેર બિલ્ડીંગ "ફોર્ચ્યુન ઇન્ટરનેશનલ" નામની વિઝા કન્સલ્ટન્સીની ઓફીસ ધરાવતા આરોપી વૈભવ શિંદે એ કૃપાબહેનને સૌ પ્રથમ લકઝમબર્ગ દેશના વર્ક વિઝા તથા વર્ક પરમીટ કરી આપવાનુ અને ત્યારબાદ નોર્વે દેશના તથા ઓસ્ટ્રીયા દેશના વર્ક વિઝા તથા વર્ક પરમીટ કરી આપવાનુ કહી કૃપાબહેન પાસેથી કુલ રૂપિયા ૫,૧૦,૦૦૦/– મેળવી લઇ તેમજ અમીતભાઇ હસમુખભાઇ દવે નાઓ પાસેથી રૂપિયા ૧,૫૦,૦૦૦/– અને અમીષાબેન વિપુલભાઇ પટેલ પાસેથી રૂપિયા ૫,૬૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૨,૨૫,૦૦૦/– મેળવી લઈ કોઈને પણ વિઝા તેમજ વર્ક પરમીટ નહી આપી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

ગોમતીપુરઃ જીતેન્દ્રભાઇ મહેન્દ્રસિંહ ઓજલા (ઉ.વ.૪૧)(રહે, દામોદરના છાપરા, શેઠ સી.એલ. કોલેજ પાસે, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે મોંબાઇલ ફોનમાં ઇન્સ્ટાગ્રામમાં રીલ જોતા હતા ત્યારે અચાનક મોબાઇલ ફોનની સ્ક્રીન બ્લેક થઇ ગઇ હતી અને "System Updating" લખેલુ આવી જતા, કોઇ અજાણી વ્યકતીએ જીતેન્દ્રભાઇના મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી તેમના કોટક મહિન્દ્રા બેંકના ખાતામાંથી રૂપિયા ૯૫,૦૦૦/– આરોપીની UPI/Mr Darshan Gu/ FINO/110837453147/na UPI-627802917656 નામ ની આઇ.ડી. થી ટ્રાન્સફર કરી લઇ જીતેન્દ્રભાઇ સાથે છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.રાણા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ મેઘા વા/ઓ રાહુલ અગ્રવાલ (ઉ.વ.૩૮)(રહે.એલેક્ષા ગણેશ જેનેશીસ સામે જગતપુર) એ તા.૦૬/૧૦/૨૦૨૬ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ગોતા રાજપુત ભવન સામે આવેલ "હિમાલયા ગ્રેનાઇટ" નામની મેઘા અગ્રવાલની કંપની ખાતે એજન્ટ તરીકે કામ કરતા આરોપી જય સ/ઓ કાર્તીક રાવલ (ઉ.વ.૩૩)(રહે.મારૂતી આમ્રકુંજ સરગાસણ ગાંધીનગર) એ ડી.એન.એમ ઇન્ટીયર કંપનીના ટાઈલ્સ અને ગ્રેનાઇટના ઓર્ડર અપાવેલ જે ઓર્ડર પ્રમાણે ટાઈલ્સ અને ગ્રેનાઈટ ડી.એન.એમ ઇન્ટીયર કંપનીને મેઘા અગ્રવાલનાઓની કંપની તરફથી મોકલી આપેલ ત્યારબાદ મેઘા અગ્રવાલ સામાજીક કામમાં વ્યસ્ત હોવાથી આરોપી જય રાવલએ મેઘા અગ્રવાલની કંપનીના ભળતા નામે જી.એસ.ટી. સર્ટીફીકિટ વગર માત્ર ઉદ્યમ સર્ટીફીકિટના આધારે એક બનાવટી કંપની ઉભી કરી, તે કંપનીના નામે ઉદ્યમ સર્ટીફીકિટના આધારે આઇ.ડી.બી.આઈ બેંક ગોતા બ્રાન્ચમાં કરંટ ખાતા નંબર ૨૩૯૧૧૦૨૦૦૦૦૧૧૫૧ ખોલાવી, ડી.એન.એમ ઇન્ટીયર કંપનીને પોતે "હિમાલયા ગ્રેનાઇટ" કંપનીના પાર્ટનર હોવાની જય રાવલએ ઓળખ આપી, ડી.એન.એમ ઇન્ટીયર કંપનીના મેઘા અગ્રવાલની કંપનીના ઓર્ડરના લેણા થતા નાણા પૈકી રૂપિયા ૪૭,૨૮, ૫૯૬/– જય રાવલે પોતાના નવા ખોલાવેલ બેંક ખાતામાં મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

ક્રાઇમ બ્રાંચઃ મોહંમદઆરીફ મોહંમદઇબ્રાહિમ લાખાણી (ઉ.વ.૪૫)(રહે.ઝારા રેસીડેન્સી, ચંડોળા તળાવ સામે, દાણીલીમડા) એ તા.૦૬/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧.૦૧.૨૦૧૯ થી તા.૧૩.૧૨.૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન શાહઆલમ ટોલનાકા તીરમીજી હાઇટસ, ઓફિસ નં.૧૦૨ ખાતે આવેલ "એટેન પેપર્સ એન્ડ ફર્મ લીમીટેડ" નામની મોહંમદઆરીફ લાખાણીની કંપનીમાંથી આરોપી ઇમ્તીયાઝભાઈ તાલીબભાઈ ખોખર અને તેમની પત્ની મુમતાઝ ઇમ્તીયાઝ ખોખર (બંને રહે. ઘાંચી પટ, કલેકટર કચેરી પાછળ, સરદારબાગ, જુનાગઢ) એ ભેગામળી તેઓની વી.ડી.પેકેજીંગ અને વી.ડી.પ્રિન્ટ નામની કંપનીઓમાં કુલ રૂપિયા ૧,૦૮,૦૧,૯૮૯/– નો માલ ૬૦ દિવસની ક્રેડીટ પર ખરીદી કરી, તે પેટે રૂપિયા ૨૫,૭૦,૧૨૧/– નું પેમેન્ટ કરી બાકી લેણા રૂપિયા ૮૨,૩૧,૮૬૮/– આજદિન સુધી નહીં ચુકવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.ચાવડા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ અંકુરભાઇ અશ્વિનભાઈ શાહ (ઉ.વ.૫૧)(રહે. શેંત્રુજય ટાવર, મેડીલીંક હૉસ્પિટલ પાસે, સેટેલાઈટ) એ તા.૦૬/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૭/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા એલિસબ્રીજ લો–ગાર્ડન ક્રિષ્ણા સોસાયટી ખાતે "HORN OK PLEASE FINANCIAL SERVICES PVT LTD" નામની કંપનીના મોબાઇલ ફોનને કોઇ અજાણી વ્યક્તિએ હેક કરી તેનો એક્સેસ મેળવી લઇ, કંપનીના ડાયરેક્ટર રૂપેશભાઇ સાવલાનો વોટ્સઅપ મોબાઇલ નંબર કે જે RKS થી સેવ હતો તે મોબાઇલ નંબરની જગ્યાએ મોબાઇલ નંબર ૯૧૯૩૫૦૦૫૮૩૫૩ લખી દઇ, કંપનીના ડાયરેક્ટર તરીકે મેસેજ કરી, બેનીફીશયરી એકાઉન્ટની માહિતી મોકલી તે એકાઉન્ટમાં રૂપિયા ૯૫,૮૦,૦૦૦/– ટ્રાન્સફર કરવાનુ જણાવતા, અંકુરભાઇ શાહએ વોટ્સઅપ નંબર ના ડી.પી.માં કંપનીના માલીકનો ફોટો દેખાતો હોવાથી મેસેજમાં જણાવ્યા મુજબના JAY BHAVANI MOTERS PRIVATE LIMITED નામના બેનીફીશીયરી બેંક ખાતામાં આર.ટી.જી.એસ મારફતે કુલ રૂપિયા ૯૫,૮૦,૦૦૦/– ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ બીજા બેનીફીશયરી ખાતાની વિગતો મોકલી બીજા રૂપિયા ટ્રાન્સફર કરવાનુ કહેતા અંકુરભાઇએ ખરાઇ કરતા ડાયરેક્ટરે આવો કોઇ મેસેજ નહી મોકલ્યાની જાણ થઇ હતી. જે અજાણી વ્યક્તિએ રૂપિયા ટ્રાન્સફર કરાવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૧/૨૦૨૬**

દાણીલીમડાઃ ઈમરાનખાન ઉસ્માનખાન પઠાણ (ઉ.વ.૪૦)(રહે. સજન જમાદારનો મહોલ્લો, દરીયાપુર રોડ, દિલ્હી ચકલા) એ તા.૦૬/૧૦/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૯/૨૦૨૬ થી તા.૦૩/૧૦/૨૦૨૬ દરમ્યાન દાણીલીમડા આર.વી.ડેનીમ પાસે, ઈલાબેન એસ્ટેટ ખાતે આવેલ "ક્લાસીક એન્જીનીયરીંગ" નામની કંપનીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, આશરે ૧૦૦ કિ.લો. કોપરની પાઈપ કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.સોલંકી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૨/૨૦૨૬**

શાહીબાગઃ મુકેશભાઈ માંગીલાલ મોરી (ઉ.વ.૪૧)(રહે.મીનામા ફળીયું, ડુંગરપુર, દાહોદ) તા.૦૫/૧૦/૨૦૨૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ, ઘોડા કેમ્પ સરકારી અનાજ ગોડાઉન નંબર–૧૧ આગળ ટ્રકમાં ભરેલ માલ ઉપર તાડપત્રી બાંધવા મુકેશભાઈ ટ્રકની ઉપર ચઢી ટ્રકની બંને બાજુ દોરડા આપતા હતા ત્યારે દોરડું નીચે આપવા જતા ટ્રકની ડાબી બાજુથી નીચે પડી જતા મુકેશભાઈને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.વી.વડેરા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૩/૨૦૨૬**

વટવાઃ મોહમદસોહેલ સ/ઓ મોહમદજીલાની શેખ (ઉ.વ.૩૨)(રહે. સદભાવનગર ચાર માળીયા, વટવા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના દરવાજાની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

અમરાઈવાડીઃ જયદીપભાઇ ગણપતભાઈ પરમાર (ઉ.વ.૨૯)(રહે.શીતલનગર ભાથીજીનો ડેલો બળીયાનગર સામે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૬ સાંજના ૭/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઉપરના માળે છતની એંગલ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી